# હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
# ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ
## એમ.એ ભાગ-૧
## (જૂન, ૨૦૦૮થી અમલમાં)

વ્યાપક હેતુઓ :

ભારત સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની નવી શિક્ષણનીતિના માર્ગદર્શક સિધ્ધાન્તો અને સૂચનોને અનુરૂપ બનવાના પ્રયત્નરૂપે હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિષયના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમનો આ મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો છે.

અનુસ્નાતક કક્ષાના આ અભ્યાસક્રમના વ્યાપક હેતુઓ આ પ્રમાણે છે :

(૧) વિદ્યાર્થીઓમાં સૌન્દર્યશાસ્ત્ર તથા કળાવિષયક જાણકારી પ્રાપ્ત કરાવવી, એનામાં સંશોધનાત્મક, વિવેચનાત્મક, તુલનાત્મક અને સર્જનાત્મક અભિગમ કેળવવો.

(૨) ગુજરાતી ભાષા અને સાહિત્યના જ્ઞાનની સાથે સાહિત્યનો સાંસ્કૃતિક-સામાજિક સંદર્ભોમાં પરિચય કરાવવો.

(૩) વિદ્યાર્થીની સ્વાધ્યાય પ્રવૃત્તિને વિકસાવવી.

(૪) વિદ્યાર્થી પ્રાચીન હસ્તપ્રતો, શિલાલેખો વાંચતો-સમજતો થાય અને એની એ દિશાની સંશોધન-સંપાદન અને સર્જનની અભિરુચિ કેળવાય તેવા પ્રયત્ન કરવા.

(૫) વિદ્યાર્થી સમાજાભિમુખ બને, એનામાં માનવપ્રેમ અને વિશ્વબંધુતાની ભાવના કેળવાય તેવા પ્રયત્નો કરવા.

(૬) એકવીસમી સદીની પ્રગાઢ બનતી જ્ઞાનપ્રચુરતા તરફ વિદ્યાર્થીને જાગ્રત કરી એની વ્યાવસાયિક સજ્જતા કેળવવી.

ઉપરોક્ત વ્યાપક હેતુઓને અધ્યાપકોએ તેમની અધ્યાપનશૈલીમાં સમાવિષ્ટ કરવા અનુરોધ છે. વ્યાખ્યાન પદ્ધતિથી વિદ્યાર્થીઓને ભાષા અને સાહિત્યના પાયાના ખ્યાલો સમજાવવા, પ્રશ્નોત્તરી પદ્ધતિથી ચર્ચા કરવી અને કોમ્પ્યુટર-ઈન્ટરનેટ વગેરે ઉપકરણોનો શક્ય તેટલો ઉપયોગ કરી ઉપરોક્ત હેતુઓને સિદ્ધ કરવા પ્રયત્ન કરવો. વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો વધુમાં વધુ ઉપયોગ કરે - સંદર્ભગ્રંથોનો ઉપયોગ કરે તે તરફ વિશેષ ધ્યાન આપવું અને શક્ય હોય ત્યાં/ત્યારે આંતરિક ચર્ચાઓ વગેરે ગોઠવવાં. વિદ્યાર્થીઓમાં મૌલિક લેખનની ટેવ પડે તે તરફ પણ વિશેષ પ્રયત્નો કરવા.

વર્ગ : એમ. એ. ભાગ - ૧

પ્રશ્નપત્ર - ૧ : મુખ્ય અને ગૌણ વિષયના વિદ્યાર્થીઓ માટે
આ પ્રશ્નપત્રમાં નીવડેલી નિર્દિષ્ટ કૃતિઓનો અભ્યાસ કરવાનો રહેશે.

કૃતિઓ :
(૧) અખાના ચાબખા, સંપાદકો : ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ.
(૨) પૂર્વાલાપ : સંપા. વિનોદ અધ્વર્યુ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર.
(૩) ભીની માટીની મહેક - લે. કિશોરસિંહ સોલંકી, પાર્શ્વ પ્રકાશન, અમદાવાદ.
(૪) લાભશંકર ઠાકરનાં આદર્શ એકાંકી - સંપા. સતીશ વ્યાસ, અરુણોદય પ્રકાશન, અમદાવાદ.

ગુણ વિભાજન : આંતરિક વિકલ્પોવાળા સમાનગુણના કુલ પાંચ પ્રશ્નો પૂછાશે.
દરેક કૃતિમાંથી પ્રશ્નો આવે તે અપેક્ષિત છે. કુલ ગુણ - ૧૦૦.

સંદર્ભગ્રંથ સૂચિ :

૧. અખો એક અધ્યયન - ઉમાશંકર જોશી
૨. અખાના છપ્પા ભાગ ૧-૨-૩ ભૂપેન્દ્ર બાલકૃષ્ણ ત્રિવેદી
૩. મણિશંકર ભટ્ટ (કાન્ત) સંપા. અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ
૪. આનંદયાત્રાનાં સાથી - યોગેન્દ્ર વ્યાસ
૫. કિશોરસિંહ સોલંકી - શબ્દ અને સર્જક - સંપા. નરેશ શુક્લ, નિસર્ગ આહીર
૬. સઘન અનુભવ રસનો - સતીશ વ્યાસ

૭. ગુજરાતી સાહિત્યકોશ ભાગ-૧ ગુજરાતી સાહિત્ય પરિષદ
૮. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨ ખંડ - ૨ ગુજરાતી સાહિત્ય પરિષદ

**પ્રશ્નપત્ર - ૨ : સાહિત્યમીમાંસા (ભારતીય અને પાશ્ચાત્ય)**

હેતુ : ભારતીય અને પાશ્ચાત્ય સાહિત્યના સિધ્ધાન્તોનો અભ્યાસ.

આ પ્રશ્નપત્રના બે વિભાગ છે. અ માં ભારતીય સાહિત્યના વિવેચનના સિધ્ધાન્તો અને બ માં પાશ્ચાત્ય સાહિત્યના વિવેચના સિધ્ધાન્તોનો અભ્યાસ કરવાનો રહેશે. અભ્યાસક્રમમાં નિમ્નસૂચિત્ મુદ્દાઓ કેન્દ્રમાં રહેશે.

**અ. ભારતીય સાહિત્યમીમાંસા :**

એકમ : ૧

૧ : ૧ ભરત, ભામહ, કુંતક, અભિનવગુપ્ત, આનંદવર્ધન, ક્ષેમેન્દ્ર, વિશ્વનાથ, જગન્નાથ, રાજશેખર અને મમ્મટને નજર સમક્ષ રાખીને ભારતીય કાવ્યમીમાંસાનો ઐતિહાસિક આલેખ.

૧ : ૨ કુંતકની વક્રોક્તિ વિચારણા :
(૧) કુંતકની કાવ્યની વ્યાખ્યા (૨) કુંતકનો વક્રોક્તિ વિચાર
(૩) વક્રતાના પ્રકારો (૪) કાવ્યના ત્રણ માર્ગો અને પ્રકાર

૧ : ૩ રમણીયતાની વિભાવના : જગન્નાથ
(૧) જગન્નાથની કાવ્યની વ્યાખ્યા (૨) રમણીયતાની વિભાવના
(૩) જગન્નાથે દર્શાવેલા કાવ્યના ચાર પ્રકાર

૧ : ૪ (૧) ક્ષેમેન્દ્રની કાવ્યની વ્યાખ્યા (૨) ઔચિત્યવિચાર : ક્ષેમેન્દ્ર

૧ : ૫ (૧) મમ્મટની કાવ્યલક્ષણ ચર્ચા (૨) કાવ્યનાં પ્રયોજન
(૩) કાવ્યપ્રકારો (૪) કાવ્યદોષો

એકમ : ૨

૨ : ૧ ધ્વનિસિધ્ધાન્ત, ધ્વનિનું સ્વરૂપ, પ્રતીયમાનઅર્થ અને તેનો વિરોધ
અભિધા, લક્ષણા, વ્યંજના, અનુમાન કરતાં ધ્વનિની ભિન્નતા. ધ્વનિસિધ્ધાન્તનો આધાર - સ્ફોટવાદ, 'ધ્વનિ' શબ્દના વિવિધ અર્થો.

૨ : ૨ આનંદવર્ધને આપેલી ધ્વનિની વ્યાખ્યા, ધ્વનિનું સ્વરૂપ

૨ : ૩ ધ્વનિના પ્રકાર - વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ અને રસધ્વનિ
ધ્વનિના પ્રભેદો - લૌકિક અને અલૌકિક ધ્વનિ, વિવક્ષિતાન્યપરવાચ્ય અને અવિવક્ષિતવાચ્ય ધ્વનિ, અત્યંતતિરસ્કૃતવાચ્ય અને અર્થાન્તરસંક્રમિતવાચ્યધ્વનિ, સંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિ અને અસંલક્ષ્યક્રમ વ્યંગ્ય ધ્વનિ.

એકમ : ૩

૩ : ૧ રસસિધ્ધાન્તવિચારણા, રસની પરિભાષા

૩ : ૨ ભરતનું રસસૂત્ર, ભાવ, સ્થાયીભાવ, વિભાવ-અનુભાવ અને સાત્ત્વિકભાવ, સંચારી-વ્યાભિચારી ભાવો આલંબન અને ઉદ્દીપનવિભાવ.

૩ : ૩ રસનિષ્પત્તિની પ્રક્રિયા, રસનિષ્પત્તિની પ્રક્રિયા સંબંધી ભટ્ટ લોલ્લટ, શ્રી શંકુક, ભટ્ટનાયક અને આચાર્ય અભિનવગુપ્તના મતોની સમીક્ષા.

૩ : ૪ રસ અને રસાભાસ, સાધારણીકરણ અને રસપ્રતીતિનાં વિઘ્નો.

**બ. પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા :**

એકમ : ૪

૪ : ૧ પ્લેટો-એરિસ્ટોટલની અનુકરણની વિભાવના

૪ : ૨ એરિસ્ટોટલની ટ્રેજેડીની વિભાવના, ટ્રેજેડીની વ્યાખ્યા, ટ્રેજેડીનું સ્વરૂપ, ટ્રેજેડીનાં ઘટક તત્ત્વો, ટ્રેજેડીનું પ્રયોજન, કેથાર્સિસ, કાવ્યનું સત્ય અને ઈતિહાસનું સત્ય.

(P.T.O.)

(3)

૪ : ૩ લોન્જાઈનસની ઉદાત્તતાની વિભાવના
૪ : ૪ ક્રોચેનો અભિવ્યંજનાવાદ.

એકમ : ૫

૫ : ૧ મેથ્યુ આર્નોલ્ડનો કાવ્યવિચાર
(૧) મેથ્યુ આર્નલ્ડના જીવન વિષયક વિચારો
(૨) ધર્મ, સંસ્કૃતિ અને વિજ્ઞાનના સંદર્ભમાં કવિતાનું સ્થાન
(૩) કાવ્યની વ્યાખ્યા, કવિતા : જીવનની સમીક્ષા
(૪) કલા અને નીતિ

૫ : ૨ (૧) ટી.એસ. એલિયટની કાવ્યવિચારણા, પ્રશિષ્ટતાવાદ
(૨) પરંપરા અને વૈયક્તિક પ્રતિભા
(૩) કવિતાના ત્રણ સૂર
(૪) વસ્તુગત સહસંબંધકનો સિધ્ધાન્ત

એકમદીઠ ગુણ ફાળવણી : પ્રત્યેક એકમમાંથી એક, એ પ્રમાણે આંતરિક વિકલ્પોવાળા સમાનગુણના પાંચ પ્રશ્નો પૂછાશે.

પરીક્ષા / મૂલ્યાંકનની યોજના : કુલ ગુણ : ૧૦૦

**સંદર્ભગ્રંથો :**

(૧) અભિનવગુપ્તનો રસવિચાર અને બીજા લેખો - નગીનદાસ પારેખ
(૨) કાવ્યવિચાર : સુરેન્દ્રનાથ ગુપ્તા - અનુ. નગીનદાસ પારેખ
(૩) Making of Literature - Scott James
(૪) Critical Approaches to Literature - Devid Daiches
(૫) ભારતીય સાહિત્યમીમાંસા - બહેચરભાઈ પટેલ
(૬) ભારતીય સાહિત્યમાં વિચાર પરંપરા - ડૉ. તપસ્વી નાન્દી
(૭) આનંદવર્ધનનો ધ્વનિ વિચાર - નગીનદાસ પારેખ
(૮) ભારતીય કાવ્યસિધ્ધાન્ત - નટુભાઈ રાજપરા અને જયંત કોઠારી
(૯) ધ્વન્યાલોક - ડોલરરાય માંકડ
(૧૦) કુન્તકનો કાવ્યવિચાર - નગીનદાસ પારેખ
(૧૧) પ્લેટો અને એરિસ્ટોટલની કાવ્યવિચારણા - જયંત કોઠારી
(૧૨) એરિસ્ટોટલનું કાવ્યશાસ્ત્ર - અનિરુધ્ધ બ્રહ્મભટ્ટ
(૧૩) પાશ્ચાત્ય વિવેચનના સિધ્ધાન્તો - બહેચરભાઈ પટેલ
(૧૪) ઉદાત્ત તત્ત્વ - ચંદ્રશંકર ભટ્ટ
(૧૫) સાહિત્યનું ઘડતર - જિતેન્દ્ર દવે, વિનાયક રાવલ, જયંતિભાઈ શાહ
(૧૬) ટી.એસ.એલિયટની કાવ્ય વિચારણા - સુમન શાહ
(૧૭) વિવેચનના વિવિધ અભિગમો - બળવંત જાની, રાવલ
(૧૮) ધ્વન્યાલોક - આનંદ વર્ધન, જી.એસ. શાહ
(૧૯) ભારતીય સાહિત્યશાસ્ત્ર - ગણેશ ત્ર્યંબક દેશપાંડે, અનુ. જશવંતીબહેન

## પ્રશ્નપત્ર - ૩ : સાહિત્યસ્વરૂપનો અભ્યાસ

હેતુ : નિર્દિષ્ટ સાહિત્યસ્વરૂપનો તલસ્પર્શી અભ્યાસ

આ પ્રશ્નપત્રમાં નવલકથા, ટૂંકીવાર્તા, ચરિત્રસાહિત્ય, નાટક, નિબંધ અને ઊર્મિકવિતામાંથી કોઈપણ એક સાહિત્યસ્વરૂપનો અને તે સાહિત્યસ્વરૂપને લગતી નિયત કરેલી સાહિત્યકૃતિઓનો અભ્યાસ કરવાનો રહેશે.

સાહિત્ય સ્વરૂપ : ટૂંકીવાર્તા

(P.T.O.)

નિયત કૃતિઓ : (૧) પરમ્પરાપરક વાર્તાઓ, સંપા. રાધેશ્યામ શર્મા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ
(૨) ગુજરાતી વાર્તાસૃષ્ટિ, સંપા. બાબુ દાલપુરા, ઉત્પલ પટેલ, અરુણોદય પ્રકાશન, અમદાવાદ.

નોંધ :

(૧) 'પરમ્પરાપરક વાર્તાઓ'માંથી નિમ્નસૂચિત કૃતિઓ અભ્યાસક્રમમાં નિયત કરવામાં આવે છે :

૧. મલયાનિલ - ગોવાલણી
૨. કનૈયાલાલ મ. મુનશી - મારી કમલા
૪. રા. વિ. પાઠક - મુકુન્દરાય
૫. ૨. વ. દેસાઈ - ખરી મા
૬. ઝવેરચંદ મેઘાણી - ચમનની વહુ
૮. સુન્દરમ્ - માને ખોળે
૯. ઉમાશંકર જોશી - ગુજરીની ગોદડી
૧૧. જયન્ત ખત્રી - લોહીનુ ટીપું
૧૩. પન્નાલાલ પટેલ - પીઠીનું પડીકું

(૨) 'ગુજરાતી વાર્તાસૃષ્ટિ'માંથી નિમ્નસૂચિત કૃતિઓ અભ્યાસક્રમમાં નિયત કરવામાં આવે છે :

૧. પોસ્ટ ઑફિસ - ધૂમકેતુ
૬. લોહીની સગાઈ - ઈશ્વર પેટલીકર
૭. વાની મારી કોયલ - ચુનીલાલ મડિયા
૧૦. થીંગડું - સુરેશ હ. જોષી
૧૧. ચક્ષુઃ શ્રવા - ચંદ્રકાન્ત બક્ષી
૧૨. કાન - મધુ રાય
૧૫. પોટકું - રઘુવીર ચૌધરી
૧૭. કાકાજીની બોધકથા - સુમન શાહ
૧૯. અંધારીગલીમાંસફેદટપકાં-હિમાંશી શેલત

ગુણ વિભાજન : આંતરિક વિકલ્પોવાળા સમાનગુણના પાંચ પ્રશ્નો પૂછાશે.
દરેક કૃતિમાંથી પ્રશ્નો પૂછવામાં આવે તે અપેક્ષિત છે. કુલ ગુણ - ૧૦૦

## સંદર્ભગ્રંથ સૂચિ :

૧. ગુજરાતી કથાવિશ્વ - નવલિકાઓ સંપા. બાબુ દાવલપુરા, નરેશ વેદ
૨. કથા સિધ્ધાન્ત - સુમન શાહ
૩. નવી ટૂંકી વાર્તાની કલામીમાંસા - કિશોર જાદવ
૪. વાર્તાવિચાર - રાધેશ્યામ શર્મા
૫. ટૂંકી વાર્તા - વિજય શાસ્ત્રી

## પ્રશ્નપત્ર - ૪ આધુનિક ગુજરાતી સાહિત્ય :

આ પ્રશ્નપત્ર ફક્ત 'એન્ટાયર ગુજરાતી' રાખનાર વિદ્યાર્થીઓ માટે જ છે. કોઈપણ વિદ્યાર્થી ગૌણ વિષયના વિકલ્પે આ પ્રશ્નપત્ર રાખી શકશે.

હેતુ - સાહિત્યમાં આધુનિકતાની વિભાવનાનો અને સર્જાતા સાહિત્યનો પરિચય કરાવવાનો.

વિભાગ - ૧ : સિધ્ધાન્તચર્ચા

૧ થી ૩ એકમ - ૬૦ ગુણ. સમાનગુણના ત્રણ પ્રશ્નો, આંતરિક વિકલ્પ સાથે પૂછવા.

એકમ : ૧ આધુનિકતા - સંજ્ઞાવિચાર
આધુનિકતાનાં ઉદ્ભવબળો
આધુનિકતા વિશેનાં વિભિન્ન મતમતાંતરો
આધુનિકતાનાં લક્ષણો

એકમ : ૨ આધુનિકતા અને વિવિધ વિચારધારાઓ : અસ્તિત્વવાદ, પ્રતીકવાદ, અસંગતિવાદ, અતિવાસ્તવવાદ, ઘનવાદ (ક્યૂબિઝમ), કલ્પનવાદ,ભવિષ્યવાદ, મનોવિશ્લેષણવાદ

એકમ : ૩ ભારતીય સાહિત્યમાં આધુનિકતા
ગુજરાતી સાહિત્યમાં આધુનિકતા

વિભાગ - ૨ સ્વરૂપચર્ચા

એકમ ૪ અને ૫ - ૪૦ ગુણ. સમાનગુણના બે પ્રશ્નો, આંતરિક વિકલ્પ સાથે પૂછવા.

નિયત સાહિત્યસ્વરૂપો પૈકી એક સાહિત્યસ્વરૂપ અભ્યાસક્રમમાં રહેશે અને પાઠ્યપુસ્તકો બલદાય ત્યારે રોટેશન પ્રમાણે બદલાશે.

(૧) નાટક (૨) નવલકથા (૩) ટૂંકીવાર્તા (૪) કવિતા

આ પ્રશ્નપત્ર માટે નવલકથાનું સ્વરૂપ નિયત કરવામાં આવે છે. જેમાં નીચેની બે કૃતિઓનો અભ્યાસ કરવાનો રહેશે.

(P.T.O.)

(૧) 'અશ્રુઘર' લે. રાવજી પટેલ - આર. આર. શેઠ, અમદાવાદ
(૨) 'પેરેલિસિસ' - લે. ચન્દ્રકાન્ત બક્ષી, નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ

**સંદર્ભગ્રંથ સૂચિ :**

(૧) સાહિત્યમાં આધુનિકતા - લે. સુમન શાહ
(૨) આધુનિકતા - એક સંકુલ પ્રત્યય - લે. બિપિન આશર
(૩) આધુનિકતા અને ગુજરાતી કવિતા - લે. ભોળાભાઈ પટેલ
(૪) સાંપ્રત સાહિત્ય - લે. ધીરુભાઈ ઠાકર
(૫) સુરેશ જોષીથી સુરેશ જોષી - લે. સુમન શાહ
(૬) આધુનિક કવિતા : કેટલા પ્રશ્નો - લે. નિરંજન ભગત
(૭) એબ્સર્ડ - સંપા. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ
(૮) સાહિત્યિકવાદ - સંપા. યશવંત ત્રિવેદી
(૯) ગુજરાતી નવલકથા - રઘુવીર ચૌધરી, રાધેશ્યામ શર્મા
(૧૦) નવલકથા - ડૉ. શિરીષ પંચાલ
(૧૧) સંરચના અને સંરચન - સુમન શાહ
(૧૨) ચન્દ્રકાન્ત બક્ષીથી ફેરો - સુમન શાહ
(૧૩) સર્જક રાવજી પટેલ - મણિલાલ હ. પટેલ
(૧૪) રાવજી પટેલ - જીવન અને કવન - મોહમ્મદ ઈશહાક શેખ
(૧૫) **Literacy Modernism - Ed. Irving Howe**
(૧૬) **Modernism - Peter Faulkner**

## પ્રશ્નપત્ર - ૪ લોકવાઙમયની વિભાવના અને લોકસાહિત્ય (વૈકલ્પિક પ્રશ્નપત્ર)

આ પ્રશ્નપત્રના એકમો નીચે મુજબ રહેશે.

એકમ : ૧ લોકવિદ્યા પરિચય : ૨૦ ગુણ

૧ : ૧ લોક (Folk) અને વિદ્યા (Lore) શબ્દના વિવિધ અર્થ : લોકવિદ્યાની વિભાવના : લોકવિદ્યાનું વિભાગીકરણ
૧ : ૨ લોકવાઙમયનાં લક્ષણો
૧ : ૩ લોકવાઙયનું વર્ગીકરણ
૧ : ૪ લોકસાહિત્ય અને શિષ્ટ (અભિજાત) સાહિત્ય વચ્ચેનો ભેદ

એકમ : ૨ લોકગીતની વિભાવના ૨૦ ગુણ

૨ : ૧ લોકગીતનું સ્વરૂપ : લોકગીતની વ્યાખ્યાઓ : લોકગીતની વિશેષતાઓ : લોકગીતનાં લક્ષણો
૨ : ૨ લોકગીતનું વૈજ્ઞાનિક વર્ગીકરણ
૨ : ૩ કથાગીત (Ballad) નાં વિશિષ્ટ લક્ષણો
૨ : ૪ કથાગીત (Ballad) ના પ્રકારો

એકમ : ૩ લોકવાર્તાની વિભાવના ૨૦ ગુણ

૩ : ૧ લોકવાર્તાનું સ્વરૂપ : લોકવાર્તાની વિશેષતા : લોકવાર્તાનાં લક્ષણો
૩ : ૨ લોકવાર્તાનું વૈજ્ઞાનિક વર્ગીકરણ
૩ : ૩ લોકવાર્તા સંપાદનની પધ્ધતિઓ
૩ : ૪ લોકવાર્તાની કથન શૈલી (Narrative style) : કથા બીજ (Motif) :
લોકવાર્તાની કથા પ્રકૃતિ (Tale Type) ની ચર્ચા

એકમ : ૪ લોકવાઙમયના પ્રમુખ સંપાદકોનો અભ્યાસ ૨૦ ગુણ

(૧) ઝવેરચંદ મેઘાણી
(૨) પુષ્કર ચંદરવાકર
(૫) શાંતિલાલ આચાર્ય
(૬) ભગવાનદાસ પટેલ

(P.T.O.)

(૩) દુલેરાય કાલાણી (૭) ખોડીદાસ પરમાર
(૪) અમૃત પટેલ (૮) મધુભાઈ પટેલ

એકમ : ૫ ગ્રંથસ્થ લોકવાઙમયના પ્રમુખ સંપાદનોનો પરિચયાત્મક અભ્યાસ ૨૦ ગુણ

૫ : (ક) : લોકગીતના સંપાદકો

(૧) નાગર સ્ત્રીઓમાં ગવાતાં લોકગીતો : નર્મદ (૩) ચંદર ઉગે ચાલવું - પુષ્કર ચંદરવાકર
(૨) રઢિયાળી રાત ભાગ ૧-૨ - ઝવેરચંદ મેઘાણી
(૪) મું તો ઢોલે રમું ! (ઉ.ગુ.ના લોકાખ્યાન અને રાસડા) - અમૃત પટેલ

૫ : (ખ) : લોકવાર્તાનાં સંપાદનો

(૧) ગુજરાત કાઠિયાવાડ દેશની વારતા - ફ.બ. માસ્ટર
(૨) સૌરાષ્ટ્રની રસધાર - ૧ - ઝવેરચંદ મેઘાણી
(૩) કચ્છની રસધાર - દુલેરાય કાલાણી
(૪) ઉત્તર ગુજરાતની લોકકથાઓ - પુષ્કર ચંદરવાકર

સંદર્ભગ્રંથો :

(૧) Folk-lore and Folk Life - Rechard Dorsan
(૨) An outline of Indian Folklore - Durga Bhagvat
(૩) Standard Dictonary of Folklore Mythology and legend - Maria Liach
(૪) The Science of Folklore - Dr. A. H. Kraope
(૫) લોકસાહિત્ય - આલોક - જશવંત શેખડીવાળા
(૬) અમીલોક - પ્રેમજી પટેલ
(૭) ભારતીય લોકસાહિત્ય - ડૉ. શ્યામ પરમાર
(૮) લોકકથાનાં મૂળ અને કુળ - હરિવલ્લભ ભાયાણી
(૯) લોકવાર્તા - પુષ્કર ચંદરવાકર
(૧૦) લોકવાઙમય - કનુભાઈ જાની
(૧૧) ચંપાની કળીઓમાં કસ્તુરી (લોકગીત સ્વરૂપ અને પ્રકાર) - અમૃત પટેલ
(૧૨) લોકસાહિત્યનું સમાલોચન - ઝવેરચંદ મેઘાણી
(૧૩) લોકગીત - એક અધ્યયન - અમૃત પટેલ
(૧૪) ધરતીનું ધાવણ - ૧-૨ - ઝવેરચંદ મેઘાણી
(૧૫) લોકામૃત - પુષ્કર ચંદરવાકર
(૧૬) ગુજરાતનું લોકસંગીત - ચિત્તરંજન રાજા
(૧૭) લોકગીત : તત્ત્વ અને તંત્ર - સંપા. બળવંત જાની
(૧૮) ચૌદ લોક - પ્રેમજી પટેલ

ગુણ વિભાજન : આંતરિક ગુણવાળા સમાનગુણના પાંચ પ્રશ્નો પૂછાશે.

કુલ ગુણ - ૧૦૦

*****